



॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-હેમચન્દ્રસૂરિભ્યો નમઃ ॥

શ્રી વિહાર સેવા ગૃપ સંચાલિત

# મોrningગ ન્યુઝ

વર્ષ-૨ અંક - ૮ ૨૦૭૧, ભાદરવા વદ-૭, તા. ૦૪-૧૦-૧૫

તંત્રી : ડો. સંજયભાઇ શાહ - સુરત
મો. ૯૮૨૫૧૨૧૪૫૫


## ગુડ મોrningગ

### ધર્મો નાસ્તિ કુતઃ સુખમ્ ॥

- બીજ વિના વૃક્ષ હોય ?
- પાયા વિના ઇમારત હોય ?
- પત્ની વિના પુત્ર હોઈ શકે ?

ના,
તો ધર્મ વિના સુખ ક્યાંથી ?
સુખ જ્યારે પણ મળે છે,
ત્યારે ધર્મથીજ મળે છે,
અને દુઃખ જ્યારે પણ મળે છે
ત્યારે પાપથી જ મળે છે...
દુઃખં પાપાત્, સુખં ધર્માત્ ।
આ સર્વશાસ્ત્રોની માન્યતા છે.
એવો પ્રશ્ન થઈ શકે...
કે વર્તમાનમાં કેટલાક પાપીઓ સુખી દેખાય છે
અને ધર્મીઓ દુઃખી દેખાય છે. એવું કેમ ?
આનો જવાબ બહુ સીધો છે.
ગયા ભવના ધર્મના કારણે
આ ભવમાં પાપી પણ સુખી હોઈ શકે.
અને ગયા ભવનાં પાપ ઉદયમાં આવતાં
આ ભવમાં ધર્મી પણ દુઃખી બની શકે.
સાથે આ વાત યાદ રાખવાની છે...
આ ભવના સુખી આત્માઓનાં પાપ
એને આવતા ભવમાં દુઃખ આપશે, અને
આ ભવના દુઃખી આત્માઓનો ધર્મ
એને આવતાં ભવમાં સુખ આપશે.

### કોઽન્ધઃ ? યોઽકાર્યરતઃ ॥

જે ચામડાની આંખથી ન જૂવે
તેને દુનિયા દ્રવ્યથી અંધ કહે છે,
જે અકાર્ય કરવામાં રક્ત છે
તેને જ્ઞાની ભાવથી અંધ કહે છે.
આવા અંધના મુખ્ય ૪ પ્રકાર છે.
(૧) ક્રોધાંધ (૨) લોભાંધ
(૩) મોહાંધ (૪) કામાંધ.
માણસ ક્રોધમાં આવે ત્યારે
સગા બાપનું પણ ખૂન કરી બેસે છે,
ન બોલવાનું બોલી નાખે છે.
લોભમાં આસક્ત બનેલો માનવી
દિન-રાત ઉજાગરા કરતો હોય છે.
નથી શરીર સામે જોતો, અને
નથી પરિવારની સામે જોતો.
મોહ એટલે અજ્ઞાન.
કોઈ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે જીવ મોહિત થઈ જાય,
પછી સત્ય સમજવા તે તૈયાર નથી હોતો.
પ્રેયસીના પ્રેમમાં પડેલો પ્રેમી
પોતાની ખાનદાનીને પણ ભૂલી જતો હોય છે.
પત્નીઘેલા પતિદેવો
પત્નીના માન ખાતર
પિતાનું અપમાન કરી બેસે છે.
આવા તો બીજા હજારો પ્રકાર પડી શકે.
નેત્રહીનને નેત્રદાન થાય છે.
પણ ભાવથી જેઓ અંધ છે એના માટે શું ?
આવો, ઉન્માર્ગે ચડી ગયેલાને સન્માર્ગે ચડાવી
આપણે ભાવનેત્રદાન કરીએ.

- ક્વોલિટી





## મોrninગ ટોક

– આ.શ્રી મહાબોધિસૂરિજી મહારાજ

### યાત્રા : ષટ્કોણથી વર્તુળ સુધીની...

સ્કૂલમાં જ્યારે ભણતા હતા... ત્યારે એક સબ્જેક્ટ હતો...ભૂમિતિનો. એમાં અષ્ટકોણ, ષટ્કોણ, ત્રિકોણ વગેરે આકારોની વાત આવતી.

આજના આ લેખમાં એમાંથી ષટ્કોણ, ત્રિકોણ અને વર્તુળને જરા જુદી રીતે આધ્યાત્મિક દૃષ્ટિથી મૂલવવા છે.

ષટ્કોણમાં જેમ છ ખૂણા હોય છે, તેમ સંસારી જીવમાં બહુ મહત્ત્વના છ દોષો હોય છે. આમ તો અનંતા દોષો હોય છે... તેમ છતાં આ છ દોષો અતિ મહત્ત્વના છે. આ છ દોષોને લીધે જ જીવનું સંસારભ્રમણ ચાલે છે. આ છ દોષને જે જીતે... તે સાધક છેક અરિહંત પદ સુધી પહોંચી શકે છે.

આ છ દોષો એટલે કામ, ક્રોધ, લોભ, મદ, મોહ અને હર્ષ. આ છ દોષો એટલે આત્મઘરના છ ખૂણા.


ખૂણાની બે વિશેષતા છે. ૧ - જ્યાં ખૂણો હોય ત્યાં કચરો ભરાય. ૨ - જેટલા ખૂણા વધારે એટલો કચરો વધારે.

જે ઘરમાં કચરો વધારે ત્યાં માલિક પોતે પ્રવેશ કરતા અકળાય છે, તો આપણા આત્મઘરમાં જેટલો કચરો વધારે હશે... એટલા પરમાત્મા આપણાથી દૂર રહેશે. આ છએ દોષમાં મોહનીયકર્મની મુખ્યતા છે. પ્રત્યેક સંસારીએ પોતાના છએ દોષો પર કંટ્રોલ કરવો જોઈએ.

સંસારી જો ષટ્કોણ જેવો છે... તો સાધુ એ ત્રિકોણ જેવો છે. ત્રિકોણના ત્રણ ખૂણા હોય છે. સાધુ જીવનમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધનાના ત્રણ ખૂણા છે...એટલે કચરો તો જામવાનો જ. પણ એ સંસારી આત્મા જેવો અશુભ નથી હોતો. શુભ (પુણ્ય પ્રકૃતિ)નો હોય છે. જેના ઉદયથી પરલોકમાં સદ્ગતિ આદિની પ્રાપ્તિ થાય છે.

સંસારી અને સાધુથી ભિન્ન પડતા આત્મા એટલે વીતરાગી. વીતરાગી વર્તુળ જેવા છે. વર્તુળને એક પણ ખૂણો નથી. માટે ત્યાં રજ ચોંટતી જ નથી. વીતરાગી આત્મા મોક્ષમાં હોવાથી એક પણ કર્મ એમને ચોંટતું નથી. કારણ કે કર્મોને જમા કરનાર હોય તો ખૂણા છે. રાગ-દ્વેષ આદિ પ્રશસ્ત કે અપ્રશસ્ત કોઈ પણ જાતના ખૂણા ન હોવાથી તેઓ સંપૂર્ણ કર્મ રહિત છે. અને કર્મરહિત છે માટે જ તેઓ અનંત આનંદથી સહિત છે.

બનવું છે... અનંત આનંદના ભાગી ? તો ષટ્કોણમાંથી ત્રિકોણમાં અને ત્રિકોણમાંથી વર્તુળમાં ગોઠવાઈ જવા માટેનો પુરુષાર્થ આજથી જ શરૂ કરી દઈએ.



મોrningગ સ્ટોરી

## સમયનો અભાવ, એ બહાનું છે

થોડા વર્ષો પૂર્વે વિદેશમાં ડૉ. જોનસન નામના મોટા સાહિત્યકાર અને વિદ્વાન થઈ ગયા. એક વખત એમનો મિત્ર એમને મળવા માટે આવ્યો.

ડૉક્ટરે એમને પૂછ્યું : કેમ ભાઈ ! દિવસમાં થોડો સમય ભગવાનનું શાંત ચિત્તે સ્મરણ કરે છે કે નહીં ?

મિત્રએ કહ્યું : તમારી બધી વાત બરાબર છે, પણ ટાઈમ ક્યાં છે ? જુઓ, રાત્રે આઠ કલાક સૂવામાં જાય, આઠ કલાક ઓફિસના બાદ કરો. હવે બાકી રહ્યા આઠ કલાક. એમાં ખાવું, પીવું, હજામત કરાવવી, કોઈને મળવા જવું, કોઈ મળવા આવે તેની સાથે બેસવું, કાગળ લખવા... આવા તો કેટલાય કામો કરવાના હોય છે. હું તો સાચ્ચે જ હેરાન થઈ ગયો છું. જિંદગીમાં ફુરસદ જેવું કાંઈ મળતું જ નથી. ઈચ્છા તો ઘણી ય થાય છે કે સારા કામો કરીએ, ધાર્મિક ચર્ચા કરીએ. પણ પૂરી ૧૦ મિનીટ નથી મળતી એના માટે, આ તે કંઈ જિંદગી છે ?

આ સાંભળી ડૉ. જોનસન ખડખડાટ હસી પડ્યા. પછી એકદમ ગંભીર થઈને બોલ્યા : તો તો મારે તો ભૂખે જ મરી જવું પડશે.

પેલો મિત્ર કહે : કેમ ? આમ કેમ બોલો છો ?

ડૉ. જોનસન જાડા હતા. એમણે પોતાનું પેટ બતાવીને કહ્યું : સીધી વાત છે. આ દુનિયામાં ત્રણ ભાગ પાણી છે, એક ભાગ જમીન છે. ચોથા ભાગની જમીનમાં પણ કેટલાય પહાડ, ખાડા, ટેકરા, રણપ્રદેશ અને ઉજ્જડ જમીનો ભરેલી છે, તો આટલી અમથી જમીનમાંથી મારા જેવા કરોડો ખાનારા પોતાનું પેટ કેવી રીતે ભરી શકશે ? મર્યાદિત જમીનને લીધે મારા જેવાએ તો ભૂખ્યા જ રહેવું પડશેને !

આ વાત સાંભળી મિત્ર ખડખડાટ હસી પડ્યો. એણે કહ્યું : દુનિયામાં હજારો વર્ષોથી કરોડો માણસો રહેતા આવ્યા છે. દરેકની આહારની વ્યવસ્થા થતી જ આવી છે. આ દુનિયામાં ભૂખ્યા ઉઠનારા ઘણા છે, પણ કોઈ ભૂખ્યો સુઈ જતો હોય એવું સાંભળ્યું નથી.

આ સાંભળીને વળતો ઘા મારતા ડૉક્ટરે કહ્યું :

દોસ્ત ! તો એનો મતલબ એ થયો... કે મારા માટે જો ભોજનની વ્યવસ્થા થઈ જતી હોય તો તને સારા કાર્યો-ધર્મગ્રંથોનું વાંચન અને પ્રભુસ્મરણ કરવાનો સમય ન મળે એવું બની શકે ખરું ?

એ મિત્રને ડૉક્ટરના તર્કની સામે પ્રતિતર્ક કરવાની કોઈ તક જ ન રહી.

**- આચાર્યશ્રી મહાબોધિસૂરીશ્વરજી મહારાજ**

# V.S.G. કી ઇધર-ઉધર

શ્રેયાંસ શાહ - અમદાવાદ
મો. ૮૯૦૫૦૯૩૮૮૧

## V.S.Gના યુવાનો દ્વારા થતી વિશિષ્ટ શુભ પ્રવૃત્તિઓ

**બીજાપુર (કર્ણાટક)**

ગુરુભગવંતોને વિહારમાં ઘર ન હોવાથી ગોચરીગૃપની સ્થાપના કરીને સરસ સેવા કરી રહ્યા છે.

**મણિનગર (અમદાવાદ)**

ગૃપના સભ્યો દર રવિવારે ખીચડીઘર ચલાવે છે. આશરે ૧૭૫ જેટલા ગરીબોને રવિવારે પૂરી, દાળ, ભાત, શાક અને મીઠાઈ દેરાસર પાસે બેસીને જમાડે છે.

**આણંદ :**

જે સાધુભગવંતોને મેડિકલ ચેકઅપ કરાવવું હોય... એને કંપ્લિટ ચેકઅપ કરાવી આપે છે.

**બારડોલી સ્ટેશન :**

૧૦૮ એંબ્યુલંસની ઈમરજંસી એક્ષીડંટ ટ્રીટમેંટનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરાવેલ.

**બીલીમોરા (ગૌહરબાગ)**

ગૃપની સ્થાપનાને બે વર્ષ પૂર્ણ થતા ટુકવાડાતીર્થે સ્નાત્રપૂજા ભણાવેલ. તેમજ સાપુતારા - વણીતીર્થની યાત્રા કરેલ. ગણદેવી, ચીખલી, રાણકુવામાં જઈને પ્રેરણા કરીને નવા ગૃપોની સ્થાપના કરાવી. અવસરે સાંજના વિહાર પણ કરાવે છે. આજુબાજુના વિહારધામમાં જરૂરિયાત મુજબ બ્લેંકેટ, ચૂલો, પાણીની ટાંકી વગેરેનો લાભ લીધો છે.

**નવસારી :**

વિહારમાં પધારતા ગુરુભગવંતોને ઓલ ઇંડિયાના વિહારસેવાગૃપનું લિસ્ટ આપે છે. સાધુ ભગવંતોનો સામાન એક સ્ટેશનથી બીજે સ્ટેશન પહોંચાડવાની વ્યવસ્થા કરે છે.

**છાણી :**

માનવસેવાના કાર્ય રૂપે બ્લડડોનેશનકેંપનું આયોજન કરેલ.

**કૃષ્ણનગર (અમદાવાદ)**

એક ગુરુભગવંતને નોનસ્ટોપ 27 k.m. નો વિહાર કરાવ્યો. બહારના વિહારની સાથે લોકલ વિહાર પણ કરાવે છે.

**વલસાડ :**

દર વર્ષે સ્થાપનાદિનની ઉજવણી અલગ અલગ તીર્થોમાં જઈને મનાવે છે. આ વર્ષે ૯૩ જેટલા યુવાનોએ આલીપોર તીર્થમાં પરમાત્માનું સ્નાત્ર ભણાવેલ, ત્યારબાદ દરેક જિનબિંબનું ૧૦૮ નવકારમંત્રના જાપ સાથે સફેદ પુષ્પો દ્વારા પૂજન કરેલ. બપોરે V.S.G. ની મિટિંગ થયેલ. આ પ્રસંગે ઉદવાડા, અતુલ, નીરવબાગ, ડુંગરી ગામ, ડુંગરી હાઈવે, ધરમપુર ચોકડી આદિ ૭ વિહાર ધામના સ્ટાફનું રૂ. ૨૦૦થી બહુમાન કરવામાં આવેલ. એ સિવાય સંઘના બે નાના બાળકો.... કે જેમણે વિહારસેવામાં જોડાઈને પોતાનું યોગદાન આપેલ, તેમનું બહુમાન થયેલ. તથા જેણે હાઈએસ્ટ વિહાર

કરેલ... તે નીરવ વોરાનું બહુમાન થયેલ. અંતમાં, બિલીમોરા ઈસ્ટ-વેસ્ટ, ચીખલી, કડોદ, ગણદેવી, અમલસાડના V.S.G. કેપ્ટનોનું બહુમાન કરવામાં આવેલ. આગામી V.S.G. વાર્ષિક ઉજવણીનો લાભ શ્રી વાગડ સાત ચોવીશી સમાજ દ્વારા લેવાયેલ.

દર વર્ષે ઉતરાયણમાં પક્ષી બચાવો અભિયાનમાં ગૃપ સુંદર કાર્ય કરે છે. તેમજ ગિરિરાજ સેવામાં પણ દર વર્ષે લાભ લે છે.

**પેટલાદ :**

વિહારમાં સાધુ સાધ્વીજી ભગવંતોને દવા, વીલચેર કે બીજી કોઈપણ વૈયાવચ્ચની સામગ્રીની જરૂર હોય તે પહોંચાડે છે. M. P., આણંદ અને પાલીતાણામાં છેલ્લા ૫ વર્ષથી વૈયાવચ્ચનું કામ સંભાળે છે. આ ગૃપ ઉપર પ્રાણીમિત્ર કુમારપાળભાઈના અનહદ આશિર્વાદ છે.

**અમલસાડ :**

આઠ વર્ષના બાળક મૈત્રિકે પોતાના પપ્પા સાથે કુલ 52 k.m. નો વિહાર કર્યો.

**ઊંઝા :**

શ્રી બુદ્ધિસાગરસૂરિ સમુદાયના એક સાધ્વીજી ભગવંતને વિહારમાં અકસ્માત્ નડતા ૮ ઠાણાને સિદ્ધપુરથી તેનીવાડા સુધી બે યુવાનોએ સુખરૂપ વિહાર કરાવી સહુને નિશ્ચિંત કરેલ.

**વાસણા-પાલડી (અમદાવાદ)**

સમસ્ત રાજનગરના લેવલે થતા અનેક મહોત્સવમાં સેવા પ્રદાન કરે છે. છેલ્લા ત્રણ વર્ષથી અમદાવાદમાં થતા V.S.G. સંમેલનમાં સંપૂર્ણ જવાબદારી આ ગૃપના શિરે હોય છે. આ વર્ષે સંમેલનમાં પધારનારા યુવાનોનું સંઘપૂજન કરવાની ભાવના થતા ગીરધરનગર, કૃષ્ણનગર, ગાંધીનગર, મણિનગર વગેરેને સાથે રાખી તમામ યુવાનોને ૧૦૦ રૂ. ની પ્રભાવના કરેલ. પૂજ્યશ્રીની આચાર્યપદવીમાં પણ ખૂબ સુંદર સહયોગ આપેલ.

**મુલુંડ :**

પૂ. આ. શ્રી રત્નસુંદરસૂરિ મહારાજાને દહાણુથી મુલુંડ સુધી રોજ સવારે અલગ અલગ યુવાનોએ પંદર દિવસ સુધી વિહાર કરાવેલ.

આચાર્યપદવી પ્રસંગે કલિકુંડમાં રથયાત્રા આદિ અનેક વ્યવસ્થાઓ આ ગૃપે સંભાળેલ.

**માંજલપુર (વડોદરા)**

૬૦ વર્ષના હરેન્દ્ર ઝવેરીને ડોક્ટરે નીચે બેસવાની, વધારે ચાલવાની ના પાડેલ... તેઓ વિહાર સેવામાં જોડાયા. ૩૬ વર્ષના યુવાનની જેમ ખુલ્લા પગે વિહાર કરે છે. બે વર્ષથી પગનો દુઃખાવો ગાયબ થઈ ગયો છે.

**છાણી :**

વરણામા તીર્થે પધારેલ પૂ. આ. શ્રી જયંતસેનસૂ. મહારાજ આદિ ઠાણા ૬૦ ને લેવા (છાણીથી 25 k.m. દૂર) યુવાનો સ્કૂટર પર વહેલી સવારે પહોંચી ગયા. રાત્રે બાર-એક પહેલા નહિ સુનારા આ યુવાનોની વહેલી સવારની ભક્તિથી પૂજ્યો પણ અત્યંત પ્રભાવિત થઈ ગયા.

• • •



# મોrninગ વિહાર

વિપુલભાઈ - વલસાડ
મો.

## પૂ. ગુરુભગવંતો દ્વારા V.S.G.ના મેંબરોને અપાયેલ આશીર્વાદ

**સા. ચિંતનપ્રજ્ઞાશ્રીજી (આ. ભક્તિસૂરિ-પ્રેમસૂરિ સમુદાય)**

વિહારસેવાગ્રૃપ યુવકોને અંતરનાય અંતરથી અનંતાનંત શુભાશિષ. સાથે અપેક્ષા રાખીએ કે નયસારનો ઈતિહાસ પુનરાવર્તનને પામે. યુવકોનો ઉત્સાહ-ઉમંગ-અહોભાવ અહર્નિશ અવિરત રહે એ જ મંગળ કામના.

દેવગુરુની પરમ ભક્તિ-વૈયાવૃત્ય એ શ્રાવક જીવનનું પરમ કર્તવ્ય છે. આજના સમયમાં ભૌતિકતાની ભરપૂર દોડધામમાં વિહાર યાત્રા સાચે જ ટેન્શનમય લાગે છે. તે સમયે પૂજ્યોની પ્રેરણાથી નવયુવાનો ઠંડી-ગરમીને સહન કરીને વિહારયાત્રામાં સહાયક બનીને સુખશાતા પહોંચાડી અપૂર્વ કર્મનિર્જરા સાધો છો. બસ, કર્મક્ષય કરી શીઘ્ર આત્માથી પરમાત્મા બનો.

**સા. મુક્તિનિલયાશ્રીજી (સાગરાનંદસૂરિજી સમુદાય)**

વિહારસેવામાં સાથે આવનાર ભાઈઓની સેવાભક્તિ અનુમોદનીય...ખરેખર આ રીતે વિહારમાર્ગમાં બધી જગ્યાએ આ વ્યવસ્થા થઈ જાય તો વિહારમાં કોઈ તકલીફ ન થાય.

**આગમરત્નવિજયજી મહારાજ (સિદ્ધિસૂરિજી (બાપજી)સમુદાય)**

શ્રમણભગવંતની વૈયાવચ્ચ ઉત્કૃષ્ટપુણ્ય અને નિર્જરાનું કારણ છે. ભરત મહારાજાએ પૂર્વના ભવમાં શ્રમણોની વૈયાવચ્ચથી ચક્રવર્તીપણું તથા મોક્ષમાર્ગની યોગ્યતા પ્રાપ્ત કરી હતી. તમે પણ શ્રમણ-શ્રમણી ભગવંતોની વૈયાવચ્ચ દ્વારા આત્મકલ્યાણ કરો એ જ અભ્યર્થના.

ચરમ તીર્થપતિનું બીજ જ્યાંથી વવાયું એ નયસારના ભવમાં ઉત્તમોત્તમ સુપાત્રની કરેલી વિહારસેવા જગતના ચોકની વચ્ચે ‘‘મહાવીર’’ના બિરૂદ સુધી લઈ જનારી બની. જૈન યુવાનોની શરૂ થયેલી આ ભક્તિ ‘‘કરનાર અને કરવાની પ્રેરણા આપનાર’’ બંનેને આવુંજ કંઈ વિશિષ્ટ ફળ દેનારી બની રહેશે, એવી મનોકામના. ઉત્તરોત્તર પ્રગતિના પંથે આગળ વધે. એ જ...

**સા. કિરણમાલાશ્રીજી (નીતિસૂરીશ્વરજી સમુદાય)**

પ.પૂ.આ.વિ. મહાબોધિસૂરિ મહારાજે યુવાનોને ભક્તિમાર્ગમાં જોડ્યા છે તે મહા અનુમોદનીય છે. સમ્યગ્દર્શન પામવાનો મોકો મેળવી આપ્યો છે. આ કામ કરાવીને સાધુ-સાધ્વીજી મહારાજ ને નિર્ભય કરાવી રહ્યા છે.

‘‘સાધુસેવા આપે મુક્તિમેવા’’ની કહેવતને ચરિતાર્થ કરવા કટિબદ્ધ આ શ્રાવકો સેવા કરીને બોધિબીજ વાવી તેમના જીવનમાં અંતે સંયમ-સમાધિ પ્રાપ્ત કરી અંતે જલ્દીમાં જલ્દી આ ભવભ્રમણ કાપી મુક્તિસુખ પામે તેવી અંતરની અભિલાષા-આશિર્વાદ.

**આ. હેમચન્દ્રસૂરિ (શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાય)**

આ કાળને અનુરૂપ શ્રેષ્ઠ તેમજ જરૂરી યોગની ઊંચી સાધના મહારાજ સાહેબની વિહારમાં સુરક્ષાની જણાય છે. નિશ્ચિતરૂપે તમે ઉત્કૃષ્ટ યોગ સાધો છો એમ કહી શકાય. આ કાર્ય સતત ચાલુ રાખવાનો પ્રયાસ કરશો.

આ વિહારગૃપની સેવા અનુમોદનીય છે. જૈનશાસનના શ્રમણ-શ્રમણી ભગવંતો ઉપરનો આદર-બહુમાન પૂજ્યભાવ અને તેમના તરફની લાગણી પણ સારી છે. યુવાનો સાંજે સમયસર હાજર જ હતા. ને કંઈપણ ખપ-જરૂરીયાતનું પુરેપુરું ધ્યાન રાખતા હતા. ખરેખર જૈનશાસનના યુવાનો આવી રીતે જોડાશે તો જિનશાસન આગળ ચાલતું રહેશે. જોડાયેલા યુવાનોમાં ધર્મના બીજ વાવવાની આ સુંદર તક લેનાર અને દેનારની અનુમોદના. બધા આગળ વધી આત્મકલ્યાણમાં જોડાય એ જ શુભેચ્છા...

**સા. જયરત્નાશ્રીજી (નેમિસૂરિજી સમુદાય)**

વિહારસેવાગૃપની અનુમોદના કરીએ એટલી ઓછી છે. આમ જુઓ તો આ ગૃપ ઉભયપક્ષે કલ્યાણકારી છે. મહાત્માનું કાયસંરક્ષણ ને સાથે આવનાર-જોડાનાર ભાઈઓનું આત્મસંરક્ષણ થાય છે. એમને આમાંથી જે શાતાવેદનીય કર્મ બંધાય છે તે પરંપરાએ સદ્ગતિએ પહોંચાડે એ જ ધર્મલાભ.

**સા. નમ્રપૂર્ણાશ્રીજી (ડહેલાવાળા)**

જૈનશાસન જયવંતુ છે. ખરેખર વિહારધામની અંદર અમને મૂકવા આવનાર ભાઈઓની ભારોભાર અનુમોદના કરીએ છીએ. અમને જે પ્રમાણે સંભાળીને ભક્તિપૂર્વક લઈને આવે છે એમને અમારા અંતરના આશિષ આપીએ કે જલ્દી તેઓ પણ સંયમમાર્ગ અપનાવીને મોક્ષ સુખને પામે.

**પૂજ્ય અક્ષિતાબાઇ મહાસતીજી (લીંબડી ગોપાલ સંપ્રદાય)**

આપે જે વિહાર સમિતિનું આયોજન કર્યું છે, તેમાં જે ભાઈઓ સંપ્રદાયવાદ વિના સંત-સતીઓની નિઃસ્વાર્થ ભાવે સેવા કરે છે તે પ્રશંસનીય છે. આપની સેવા-ભક્તિમાં ખૂબ સફળતા મળે. સેવા કરવાથી તીર્થંકર નામગોત્ર બંધાય છે તેમ ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં પ્રભુએ ફરમાવેલ છે. જ્ઞાન-દર્શન આદિમાં આપની વૃદ્ધિ થાય તેવી ભાવના...

**સા. કૃતિરત્નાશ્રીજી (આ. નેમિસૂરિજી સમુદાય)**

નયસારે ભોજન માટે પ્રતીક્ષા કરી. તમે ગુરુભગવંતની સાથે વિહારમાં જવા માટે પ્રતીક્ષા કરો છો. તો ખરેખર તેણે સમ્યગદર્શનની પ્રાપ્તિ કરી, તો તમે પણ વહેલામાં વહેલી તકે કર્મના બીજનું દહન કરીને સમ્યગ્બીજનું વપન કરી વહેલા મુક્તિવધૂ લટકાળીને વરો એજ પરમાત્માને અમારી પ્રાર્થના. અને તમોને પરમાત્મા અનંતબલી બનાવે અને શાસનના કાર્ય કરો.

**સા. દીપ્તિપ્રજ્ઞાશ્રીજી (ભક્તિસૂરિ સમુદાય)**

આ વિહારસેવાગૃપમાં આવતા યુવાનો સાથે આજે અમને પણ એમની અનુમોદનાનો અવસર મળ્યો. અમારા પુન્યયોગે આજે સાથે આવેલ ભાઈના ઉચ્ચવિચારો, શાસન માટેનો લગાવ આ બધું જોતા મસ્તક ઝૂકી જાય છે. નયસારનો ઈતિહાસ પુનરાવર્તન પામે એજ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના. આ યુવાનોને શાસનદેવ અનંતશક્તિ સમર્પે એ જ શુભાશિષ - ધર્મલાભ.

**સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી (ભક્તિસૂરિ સમુદાય)**

પ્રભુના શાસનની કેવી ગજબની બલિહારી ! આ યુવાનોને માર્ગદર્શન આપનાર માટે શું લખવું અને આ યુવાનીમાં રવિવાર જેવા પોતાની ખુશીનો દિવસ હોવા છતાં સવારે વહેલા ઉઠી પરિવાર હોવા છતાં શાસન માટે પોતાનો અમૂલ્ય સમયનો ભોગ આપે છે. ખરેખર ધન્ય નહિ ધન્યાતિધન્ય છે.

અમારા સૌના ખૂબ ખૂબ અંતરના આશિર્વાદ. બસ વધુ શક્તિ મળે અને પ્રગતિ પામે એ જ અભ્યર્થના...

❀

**સા. ઋજુપ્રજ્ઞાશ્રીજી (આ. લબ્ધિસૂરિજી સમુદાય)**

વિહારમાં આવેલ ભાઈઓની સેવાનું વર્ણન ક્યા શબ્દોમાં લખું તે ખબર પડતી નથી. ખરેખર ખૂબજ સદ્‌ભાવ અને શાસન પ્રત્યેની ગુણાનુરાગીતા અનુમોદનીય છે. અમોએ ના પાડવા છતાં છેક ૨૦ કિ.મી. સુધી યુવાનો સાથે ચાલ્યા. બસ આવી રીતે શાસનની ભક્તિ કરી આત્માનું કલ્યાણ કરો એ જ શુભ આશિર્વાદ.

❀

**સા. મુક્તિદર્શનાશ્રીજી (સાગરજી સમુદાય)**

આ વિહારસેવા ખૂબજ અનુમોદનીય છે. જેવી રીતે એક સૈનિક દેશ માટે સર્વસ્વ છોડી દે છે, તેવી રીતે તમે પણ શાસનસમર્પિત બની સાધુ-સાધ્વીની વૈયાવચ્ચમાં સવારના સમયમાં ઉપસ્થિત થયા તે જ ખુબ અનુમોદનીય છે. સમગ્ર ભારતભરમાં આ સેવા પ્રસારિત થાય તેવી અમારી અંતરની અભિલાષા.

❀

**સા. સંવેગરત્નાશ્રીજી (આ. નીતિસૂરિજી સમુદાય)**

જિનશાસન મહાન છે. તેમાંય શાસનના સાધુ-સાધ્વી પ્રત્યે શ્રાવકોને અદ્‌ભુત સન્માન છે. ખૂબ સારી રીતે પૂજ્યોને કંઈપણ અગવડ ન પડે તેની કાળજી રાખે છે. બસ, પરમાત્મા સર્વ જીવોને સાચો માર્ગ બતાવે અને સાચો સંયમ પમાડે તેવા અમારા અંતરના આશીર્વાદ છે. જિનશાસન પામેલા શ્રાવકોની ભૂરી-ભૂરી અનુમોદના....એ જ.

❀

**સા. દર્શનરત્નાશ્રીજી (આ. ભુવનભાનુસૂરિજી સમુદાય)**

શ્રી વિહારસેવાગૃપના યુવાનો ખૂબજ ભક્તિવાન છે. દરેક પ્રસંગમાં કોની નિશ્રા છે, તેના આધારે સફળતા કે નિષ્ફળતા નક્કી થતી હોય છે. હવે વિહારમાં પણ જો વિહારસેવાગૃપના યુવાનો હાજર છે, તો વિહાર નિર્વિઘ્ને જ થશે એમ માનીને અમે હવે નિશ્ચિંત છીએ.

આ સુંદર કાર્યોમાં ખૂબજ આગળ વધો. એજ....

❀

**સા. જિતેન્દ્રશ્રીજી (આ. નેમિસૂરિજી સમુદાય)**

વિહારમાં આવનારા શ્રાવકો શ્રાવકજીવનનું અમૂલ્ય કર્તવ્ય ખુબજ ઉલ્લાસથી અને ઉમંગથી કરે છે. વૈયાવચ્ચ કરતા કરતા બાહુબલીજી જેવું અમૂલ્ય બળ મળે, તેના દ્વારા તેની જેમ પરાક્રમ ફોરવીને સર્વ કર્મનો ક્ષય કરીને પરમ પદ પામે અને અમારા જેવા કદાચ પાછળ રહી જઈએ તો અમને પણ કૈવલ્ય પામવામાં સહાયભૂત થાય એજ અભ્યર્થના. એજ.....

❀ ❀ ❀



મોrninગ અનુમોદના

હસમુખભાઈ જૈન - ભિવંડી
મો.

## વિહાર સેવા ગૃપ - ભિવંડી

આજથી છ વર્ષ પૂર્વે વિ.સં. ૨૦૬૬માં પૂ. જંબૂવિજયજી મહારાજના અકસ્માતથી થયેલ કાળધર્મના નિમિત્તને પામી ભિવંડીમાં વિહાર સેવા ગૃપની સ્થાપના થઈ.

ભારતવર્ષમાં પૂ. ગચ્છાધિપતિશ્રીના આશીર્વાદ અને પૂ.આ.શ્રી મહાબોધિસૂરિ મહારાજની પ્રેરણાથી સ્થપાયેલું આ પ્રથમ વિહાર સેવા ગૃપ હતું. કોઈ એવી મંગળ પળે આ ગૃપની સ્થાપના થઈ...કે આજે એના પછી ભારતભરમાં શતાધિક ગૃપો સ્થપાઈ ચૂક્યા...હજારો યુવાનો આ સેવામાં જોડાઈ ગયા. અને મજાની વાત એ છે કે સહુથી પ્રથમ સ્થપાયેલા આ ગૃપ દર વર્ષે વિહારના રેકોર્ડમાં સહુથી પ્રથમ હરોળમાં ઉભુ હોય છે. અર્થાત્ આખા ભારતમાં દર મહિને સહુથી હાઈએસ્ટ વિહાર ભિવંડીનું વિહાર સેવા ગૃપ કરે છે.

ચાલુ વર્ષની અપેક્ષાએ વિચારીએ તો આ શેષકાળના ૯ મહિના દરમ્યાન ગોકુળનગર અને અજંટા-અંજુરફાટાના ૧૮૦ જેટલા યુવાનોએ કુલ ૧૧૬૫ વિહાર કર્યા છે. એવરેજ દર મહિને ૧૨૫થી વધુ વિહારો થયા છે. જેમાં ૫૫૦૨ જેટલા સાધુ-સાધ્વીજી ભગવંતોને વિહાર કરાવ્યો છે. જેમ કુલ ૧૦૫૩૪ કિલીમીટરનો વિહાર થયો છે.

આ યુવાનોમાથી ૮ થી ૧૦ યુવાનો એવા છે....જેમણે સોતી વધુ વિહારો કર્યા છે.

ભિવંડી ગૃપ સાંજના વિહારો પણ કરાવે ચે. તેમજ ભિવંડીથી છેક શાહપુર સુધી (૩૬ કિ.મી.)ના વિહારો પણ કરાવે છે. વિશેષતા એ છે કે ત્રણ દિવસના આ રૂપ પર સતત એક જ ટુકડી રહે છે. (યુવાનો બદલાતા નથી.)

પૂ.આ.શ્રી અક્ષયબોધિસૂરિ મહારાજ, પૂ.આ.શ્રી મહાબોધિસૂરિ મહારાજની આચાર્યપદવીમાં ખૂબ સારી સંખ્યામાં યુવાનો કલિકુંડ આવેલ. તેમજ અનેક જવાબદારીઓ સંભાળી લીધેલ.

માત્ર નવ યુવાનોથી પ્રારંભાયેલ આ ગૃપ આજે વીસગણી સંખ્યા...અર્થાત્ ૧૮૦ના આંકડાને વટાવી ગયું છે. મજાની વાત એ છે કે રાજસ્થાની, ગુજરાતી અને હાલારી યુવાનો પરસ્પરની આત્મીયતા સાથે-અત્યંત પ્રસન્નતા સાથે આ કાર્ય કરી રહ્યા છે.

આ ગૃપના યુવાનો શાહપુર, ઘોટી, ઈગતપુરી, નાસિક વગેરે ક્ષેત્રમાં જઈ પ્રેરણા કરી નવા ગૃપોની સ્થાપના કરે છે.

દર વર્ષે સંમેલનમાં સારી સંખ્યામાં યુવાનોને લઈ આવે છે. ગત વર્ષે સંમેલનમાં પધારેલ તમામ યુવાનોનું ૧૦૦ રૂા.થી સંઘપૂજનનો લાભ ગૃપના સિનીટર સિટીઝન સુશ્રાવક પ્રકાશભાઈ (ભૈરવ ટ્રાંસપોર્ટ)એ લીધેલ.

આમ કરણ, કરાવણ, અનુમોદનથી સક્રિય આ ગૃપના યુવાનોને લાખ-લાખ ધન્યવાદ.

• • •













# મોrninગ PHOTO

ભારતવર્ષના વિવિધ રાજ્યોમાં વિસ્તરતા જતા વિહાર સેવા ગૃપના ફેલાવામાં 'ઝાઝા હાથ રળિયામણા'ના ન્યાયે અનેક સમુદાયના અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોનો ઉપકાર છે.

આવા અનેક ગુરુભગવંતોમાના એક છે....**પૂ. મુનિશ્રી પુણ્યરક્ષિતવિજયજી મહારાજ.** (પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિ મ.ના સમુદાયના)

તેઓશ્રીની પ્રેરણાથી સંઘપ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટક રાજ્યમાં અનેક ગૃપોની છેલ્લા એક વર્ષમાં સ્થાપના થઈ છે. આ ગૃપના યુવાનો સક્રિય રહે તે માટે કરાડ અને મિરજમાં તેઓશ્રીની શુભનિશ્રામાં **V.S.G.**ના યુવાનોનું સંમેલન ગોઠવાયેલ. જેમાં પૂજ્યશ્રીએ હાર્દિક પ્રેરણા કરેલ.

પૂજ્યશ્રીની જેમ અન્ય ગુરુભગવંતો પણ વધુને વધુ સંખ્યામાં ગૃપોની સ્થાપના કરે અને વધુને વધુ યુવાનોને આ સેવામાં જોડે એવી અમારી અંતઃકરણની ઈચ્છા છે.

### પૂજ્યશ્રીની પ્રેરણાથી સ્થપાયેલ વિહાર સેવા ગૃપ :-

સંઘપ્રદેશ : સિલવાસા, નરોલી, દાદરા

કર્ણાટક : વિજાપુર, જમખંડી, બેલગામ, નિપાણી

મહારાષ્ટ્ર : મસુર, કોરેગાઁવ, કરાડ, આરગ, મિરજ, સતારા, કોલ્હાપુર, કુરુંદવાડ, કાગલ, મુરગુડ, તાકારી, લોણંદ, ભવાનીનગર, જયસિંગપુર, સાંગલી, પલુસ, ઇચલકરંજી (માલભાગ, ગુજરીપેઠ, બોરામાર્કેટ)

ભૂરિ ભૂરિ અનુમોદના

શાસનપ્રભાવક પૂ.આ.શ્રી અજિતશેખરસૂરિ મહારાજ અને તેમના શ્રમણવૃંદ દ્વારા દક્ષિણભારતના અનેક શહેરોમાં શ્રી અર્હં ગૃપના નેજા હેઠળ શ્રમણ રક્ષા અભિયાનના નામે અનેક ગૃપોની સ્થાપના થઈ છે. સેંકડો યુવાનો આ ગૃપમાં જોડાઈને ખૂબ ઉલ્લાસથી પૂજ્યોને જરૂરિયાત અનુસાર (૭૦ થી ૧૨૦ કિ.મી.) સુધી વળાવવા જાય છે. સાથે ફર્સ્ટ એઈડ વગેરેની સામગ્રીઓ પણ રાખે છે.

પૂજ્યશ્રીની પ્રેરણાથી કર્ણાટક, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્રમાં સ્થપાયેલા ગૃપો :

બેંગાલુરુ, બંગારપેર, ભદ્રાવતી, બીરુર, ચેન્નાઈ, ચીકમંગલુર, દાવણવોરે, ધારવાડ, ગુંરુર, હીરીપુર, હુબલી, કડુર, કેજી એફ, કોલાર, કોલ્હાપુર, માલે બેન્નુર, માલુર, રત્નાગિરિ, શિમોગા, સિરા, ટુમકુર, વિજયવાડા, નેલ્લુર, નરસ્થપુર, તારિકેરે





# મોrninગ REPORTS

## વિ.સં. ૨૦૭૧ના શેષકાળ દરમિયાન V.S.G. ગૃપે કરેલ વિહારનો ચાર્ટ...

| નંબર | ગૃપનું નામ | કેટલા વિહાર | કેટલા કિ.મી. | કેટલા મહાત્મા |
|---|---|---|---|---|
| ૧ | પાલડી-વાસણા | ૩૧૫ | ૩૫૪૨ | ૨૭૪૨ |
| ૨ | મણિનગર | ૩૬ | ૪૦૦ | – |
| ૩ | ગીરધરનગર-શાહીબાગ | ૬૫ | ૬૭૬ | ૪૨૬ |
| ૪ | ચાંદખેડા-ડી-કેબીન | ૪૨ | ૩૪૪ | ૧૫૨ |
| ૫ | કૃષ્ણનગર | ૩૯ | ૩૩૨ | ૧૮૭ |
| ૬ | ગાંધીનગર | ૧૪ | ૧૬૪ | ૬૪ |
| ૭ | વીરમગામ | ૩૦ | ૪૦૫ | ૩૦૦ |
| ૮ | સાણંદ | – | – | – |
| ૯ | માંડલ | ૧૩૫ | ૧૨૫૮ | ૫૧૩ |
| ૧૦ | ધ્રાંગધ્રા | ૩૨ | ૩૩૬ | ૧૧૫ |
| ૧૧ | મોરબી | ૭ | ૮૬ | ૪૪ |
| ૧૨ | મહેસાણા | ૧૧૫ | ૧૪૦૦ | ૫૧૦ |
| ૧૩ | ઊંઝા | ૫૪ | ૪૯૦ | ૩૦૯ |
| ૧૪ | હિમ્મતનગર | ૧૨ | ૨૦૦ | ૨૫૦ |
| ૧૫ | જુનાગઢ | ૨૭ | ૪૧૦ | ૧૨૦ |
| ૧૬ | માતર | ૪૦ | – | – |
| ૧૭ | નડીયાદ | ૧૧૯ | ૧૪૨૮ | ૭૧૯ |
| ૧૮ | આણંદ | ૧૮૫ | ૨૦૦૦ | ૧૫૦૦ |
| ૧૯ | વડતાલ | ૧૫ | ૩૦૦ | ૫૦ |
| ૨૦ | હાલોલ | ૭૨ | ૧૨૭૦ | ૩૬૦ |
| ૨૧ | છાણી | ૯૪ | ૭૬૭ | ૭૫૪ |
| ૨૨ | વડોદરા | ૩૬૧ | – | – |
| ૨૩ | આમોદ | ૪૨ | ૨૪૫ | ૨૯૧ |
| ૨૪ | ભરૂચ | ૩૫૦ | ૩૮૫૦ | ૧૬૦૦ |
| ૨૫ | કરજણ | ૧૦૦ | ૧૦૦૦ | ૭૫૦ |
| ૨૬ | અંકલેશ્વર-ગામ | – | – | – |
| ૨૭ | અંકલેશ્વર (GIDC) | ૫ | ૬૦ | ૧૫ |
| ૨૮ | પેટલાદ | ૧૩૨ | ૧૧૮૮ | ૩૦૦ |
| ૨૯ | પણસોલી | ૨ | ૧૦ | – |
| ૩૦ | વાલીયા | ૨૭ | ૨૧૧ | ૧૨૪ |
| ૩૧ | સુરત | – | – | – |
| ૩૨ | બારડોલી ગામ | ૨૩ | ૨૭૦ | ૧૨૦ |
| ૩૩ | બારડોલી સ્ટેશન | ૬૭ | ૭૫૨ | ૩૨૬ |
| ૩૪ | માંડવી | ૨૫ | ૨૪૬ | ૭૮ |
| ૩૫ | મઢી | ૩૪ | ૩૦૬ | ૮૦ |
| ૩૬ | કડોદ | ૧૨ | ૮૫ | ૫૦ |
| ૩૭ | નવસારી | ૪૭૫ | ૫૪૦૦ | ૨૪૦૦ |
| ૩૮ | મરોલી ગામ | – | – | – |
| ૩૯ | વલસાડ | ૪૪૬ (૫૩ સાંજના) | ૪૮૭૮ | ૨૮૦૬ |
| ૪૦ | અમલસાડ | ૩૬ | ૪૦૫ | ૯૪ |
| ૪૧ | ગણદેવી | ૬૦ | ૪૨૦ | ૧૫૦ |
| ૪૨ | બીલીમોરા ગામ | ૧૭૬ | ૧૮૨૨ | ૯૮૧ |
| ૪૩ | બીલીમોરા (ગોહરબાગ) | ૯૧ (૧૫ સાંજના) | ૯૨૬ | ૬૯૩ |
| ૪૪ | ચીખલી | ૪૫ | ૪૪૦ | ૨૪૫ |
| ૪૫ | રાણકુવા | ૨૫ | ૨૫૦ | ૧૫૦ |
| ૪૬ | વાસદા | ૨ | ૨૦ | ૭ |
| ૪૭ | વાપી (GIDC) | ૮૫ | ૧૧૪૬ | ૮૪૬ |
| ૪૮ | ભીવંડી | ૧૧૬૫ | ૧૦૫૩૪ | ૫૫૦૨ |
| ૪૯ | વીલેપાર્લે (ઈસ્ટ) | ૭૦ | ૨૫૦ | ૩૦૦ |
| ૫૦ | ઘાટકોપર (ઈસ્ટ) | ૧૯૦ | ૧૩૩૮ | ૧૦૬૨ |
| ૫૧ | ઘાટકોપર (નવરોજીલેન) | ૧૫૦ | ૧૬૦ | ૮૬૦ |
| ૫૨ | ઘાટકોપર (સાંઘાણી) | ૧૮૫ | ૧૪૮૦ | ૯૦૦ |
| ૫૩ | મુલુન્ડ | ૩૬૦ | ૨૮૦૫ | ૨૧૯૩ |
| ૫૪ | નંદુરબાર | ૭૨ | ૪૫૯ | ૭૬૯ |

★ આ સિવાય કલ્યાણ, ડોંબીવલી, ન્યુબોંબે (વાશી), ગોવંડી, શાહપુર, ઘોટી, ઈગતપુરી, નાશિક વગેરે શહેરોમાં પણ ચાલુ વર્ષે વિહાર સેવા ગૃપની સ્થપના થયેલ છે.

★ જે ગૃપ તરફથી રેકોર્ડ પ્રાપ્ત નથી થયો ત્યાં ખાલી જગ્યા રાખવામાં આવેલ છે. અલબત્, તેઓ વિહાર સેવા અચૂક કરી રહ્યા છે.





# Mોrning પાઠશાળા

સંકલન :
જીતુભાઇ સર - મુલુંડ
(મો.) ૦૯૨૨૪૩૬૦૧૮૩

## શ્રી નેમિનાથ મોર્નિંગ પાઠશાળા - ભિવંડી [Mp6]

- પ્રદીપભાઈ હાલારી

સુવિશાલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી જયઘોષસૂરિ મહારાજાના વિ. સં. ૨૦૬૫ ના ચાતુર્માસ દરમિયાન પૂજ્યશ્રીના આશિર્વાદ અને પ્રભાવક પ્રવચનકાર પૂ. આ. શ્રી મહાબોધિસૂરિ મહારાજની પ્રેરણાથી પ્રારંભાયેલ મોર્નિંગ પાઠશાળા આજે ભારતભરની શ્રેષ્ઠ પાઠશાળામાં નંબર વન કહી શકાય તેવી અદ્ભુત, વંડરફુલ, મિરેકલ છે.

● સવારે ૭-૦૦ થી ૮-૦૦ ચાલતી આ પાઠશાળામાં રોજ ૧૫ વર્ષના યુવાનથી લગાવી ૭૫ વર્ષના વયસ્ક ભાઈઓ ૧૨૫થી વધુ સંખ્યામાં આવે છે. જેમાં ૨૫ થી ૫૦ વર્ષની વયના ૧૦૦ થી વધુ ભાઈઓ હોય છે.

● ૨૦ થી વધુ ભાઈઓ રોજ સવારે રાઈ પ્રતિક્રમણ કરે છે.

● ૪૦ થી વધુ ભાઈઓ પાઠશાળામાં સામાયિક લઈ સ્વાધ્યાય કરે છે. સામાયિક / પ્રતિક્રમણ કરનારનું મંથલી બહુમાન થાય છે.

● ૨૦ સૂત્ર, વંદિત્તુ, બે પ્રતિક્રમણ, અજિતશાંતિ, અતિચાર, બૃહત્શાંતિ. પચ્ચક્ખાણ, હાલરડું વગેરે કંઠસ્થ કરનારનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવે છે.

● મહિનામાં વધુ હાજરી ધરાવનારનું પણ વિશિષ્ટ બહુમાન થાય છે.

● પાઠશાળાના મુખ્યસર શ્રીધર્મેન્દ્રભાઈ છે. એ સિવાય બીજા દસેક ભાઈઓ પણ વિદ્યાર્થીઓને સ્વાધ્યાયમાં સહાયક બની રહ્યા છે.

● વિહાર કરીને પધારતા ગુરુભગવંતોને વિનંતી કરી પાઠશાળામાં લઈ જવાય છે. જ્યાં દરેક પૂજ્યો પાઠશાળા - વિદ્યાર્થીઓ અને એની સંખ્યા જોઈને અત્યંત પ્રભાવિત થઈ જાય છે. તેમજ એ વિદ્યાર્થીઓને આગળ વધવા ઉત્તમ પ્રેરણા આપે છે.

● પર્યુષણ પર્વમાં આરાધના કરાવવા માટે જતા વિદ્યાર્થીઓને શિક્ષક ધર્મેન્દ્રભાઈ વ્યાખ્યાન કેમ વાંચવા એની ટ્રેનિંગ આપે છે.

● ચાલુ વર્ષે વારાણસી (બનરસ), જયપુર, વારંગર(એ.પી.), ચિત્રદુર્ગ, દેહુરોડ, ચીંચવડ, ઔંધ, ઉદરણ, મોહપાડા, પેશુવા (રાજ.) આદિ સ્થાનોમાં પર્યુષણની આરાધના કરાવવા યુવાનો ગયા હતા.

● ગુરુપૂર્ણિમાના દિવસેમુખ્ય શિક્ષક તેમજ સહાયકશિક્ષકોનું વિદ્યાર્થીઓ દ્વારા સુંદર બહુમાન કરવામાં આવે છે.

● વર્ષમા બે થી ત્રણ વખત તીર્થયાત્રાનું આયોજન કરવામાં આવે છે. જેમાં એક યાત્રા દૂરવર્તી તીર્થોની હોય છે. આ વર્ષે પંજાબ-કાંગડાજી વગેરે તીર્થોની યાત્રા દિવાળીના દસ દિવસ દરમ્યાન થશે.

● વિદ્યાર્થીઓનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે અવારનવાર સ્નાત્રપૂજા, અષ્ટપ્રકારી પૂજા, જિનાલય શુદ્ધિ આદિના અનુષ્ઠાનો રખાય છે. અંતે સહુને નવકારશી કરાવવામાં આવે છે.

● શ્રીસંઘના આયોજનો- જેવા કે.... ચાતુર્માસ પ્રવેશ રવિવારીય અનુષ્ઠાનો, રથયાત્રા, દિક્ષા આદિમાં પણ વિદ્યાર્થીઓ સારી સેવા આપે છે. સુંદર વ્યવસ્થા કરે છે.

● ચૈત્ર સુદ-૧૩ના પ્રભુવીરના જન્મકલ્યાણકની રથયાત્રામાં ૫ થી ૬ કિ.મી. સુધી રથ વહન કરાવવાનો લાભ પૂજાના વસ્ત્રોમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓ લે છે.

● પર્યુષણ અને નવપદજીની ઓળીમાં પૌષધ, ઉપવાસ, ઓળીની આરાધના અનેક વિદ્યાર્થીઓ કરે છે. તેમજ ઉપધાન તપની પણ આરાધના કરે છે.

● જિનાલયમાં પૂજારીની ગેરહાજરીમાં પંદરેક યુવાનોએ વહેલી સવારે કાજો કાઢવાથી માંડી પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા આદિનું કાર્ય લગભગ પૂરો મહિનો સંભાળેલ. પ્રભુજીના પ્રક્ષાલના જળની આશાતના ન લાગે તે રીતે કાયમી વ્યવસ્થા યુવાનોએ સંભાળેલ છે.



બાંધવ બેલડી પ્રભાવક પ્રવચનકાર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય**અક્ષયબોધિસૂરિ મહારાજ**
પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય**મહાબોધિસૂરિ મહારાજ**ની
પોષ-વદ-૧૩ તા. ૧૮-૧-૧૫ના કલિકુંડ મુકામે થયેલ આચાર્યપદવી નિમિત્તે ભિવંડીમાં....

**V.S.G. અને M P 6 યુવાનો દ્વારા ઉજવાયેલ અટ્ઠાઈ મહોત્સવ.**

| | | | |
|---|---|---|---|
| ૧૧-૧-૨૦૧૫ | અનુકંપાદાન | ૧૫-૧-૨૦૧૫ | સામૂહિક સામાયિક - બહેનો માટે |
| ૧૨-૧-૨૦૧૫ | જીવદયા | ૧૬-૧-૨૦૧૫ | સ્નાત્રપૂજા, નવકારશી, દીક્ષાર્થી બહુમાન |
| ૧૩-૧-૨૦૧૫ | સામૂહિક આયંબિલ | ૧૭-૧-૨૦૧૫ | ગામ સાંજી |
| ૧૪-૧-૨૦૧૫ | સામૂહિક સામાયિક - ભાઈઓ માટે | ૧૮-૧-૨૦૧૫ | આંગી ૩ - દેરાસરે. |

● પાઠશાળામાં પધારતા વિદ્યાર્થીઓને રોજ રૂા. ૧૦ની પ્રભાવના થાય છે.

● રોજ સવારે એક વિદ્યાર્થી પાઠશાળના વિદ્યાર્થીઓને મેસેજ કરી પ્રમાદ દૂર કરાવી પાઠશાળામાં પધારવા માટે પ્રેરણા આપે છે.

● શ્રીભુવનભાનુસૂરિ માનસમંદિર - શાહપુરની ધજાના દિવસે ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ જે લાભાર્થી પરિવારો ન'તા આવ્યા....તેમની ધજા ચડાવવાનો લાભ પૂજાના વસ્ત્રોમાં લીધેલ. તેમજ ફાગણ સુદ-૧૩ના દિવસે યાત્રાળુઓની સેવા કરવાનો ઉત્તમ લાભ દર વર્ષે લે છે.

● દર ચૌદશના રાઈ પ્રતિક્રમણ, તેમજ અગલ અલગ દિવસે તત્ત્વજ્ઞાન, સંસ્કૃતના તેમજ ક્રિયાશુદ્ધિ અંગેના ક્લાસ ચાલે છે.

● ગીરનાર તીર્થમાં સેવા આપવા માટે ૪-૪ જણાની ટીમ દર મહિને ગીરનાર જાય છે.

● ગૌશાળા (અનગાવ)માં સ્ટાફ ઓછો હોય ત્યારે ૮ દિવસ સુધી યુવાનો વહેલી સવારે ૨ કલાક સેવા આપવા ગોપાલ ગૌશાળામાં જતા હતા.

• • •




# મોrninગ લેટર...



પૂ. ગુરુદેવ,

કોટી કોટી વંદના, આપ સુખ શાતામા છો ને ? મત્થએણ વંદામિ.

અમદાવાદ ખાતે મળેલ તૃતીય વિહાર સેવા મહાસંમેલને એ વાતને સાચી ઠેરવી દીધી છે કે, આજના આ કલિકાલ યુગમાં પણ જૈનં જયતિ શાસનંનો ડંકો વાગી રહ્યો છે. પ. પૂ. ગુરુદેવની પ્રેરણારૂપી વિહાર સેવાની હેલીઓ વરસી રહી છે, ને સાથે સાથે જન્મે જૈન હોવા છતાં પણ વાટ ભૂલેલા આજના આ જૈન યુવાધનને સાચો માર્ગ બતાવવામાં આપ પૂ. ગુરુદેવની મહેનત સફળ થઈ રહી છે.

આ તૃતીય સંમેલનની રાહ જોતા હતા ત્યારે પૂ. ગુરુદેવની શુભનિશ્રામાં અમદાવાદના વિહાર સેવકો અને સંમેલનને સફળ બનાવવા તનતોડ મહેનત કરી રહેલા **V.S.G.** અમદાવાદના યુવાનોની સતત ફોન દ્વારા પૃચ્છા થતી હતી કે, આપ સૌ કેટલા જણ, કેવી રીતે અને ક્યારે પધારી રહ્યા છો ? ત્યાં, સંમેલન તા. ૧૪/૦૬/૨૦૧૪ ને રવિવારના શુભદિને આવી પહોચ્યું. અમે ગૌહરબાગ વિહાર સેવા ગૃપ, બીલીમોરાના કુલ ૧૮ સેવકો, સંઘના ટ્રસ્ટીશ્રી સહિત સંમેલનમાં ભાગ લેવા બીલીમોરા સ્ટેશનથી સયાજીનગર એક્ષપ્રેસ દ્વારા લગભગ રાત્રે ૧-૩૦ ના સુમારે મણિનગર સ્ટેશને આવી પહોંચ્યા. ત્યાંથી જ જાણે સંમેલનની ભવ્ય તૈયારીનો ખ્યાલ અમોને આવી ગયો. રાજુભાઈ એમની ફોર વ્હીલર લઈને અમોને લેવા સ્ટેશને આવીને ઉભા હતા. સ્ટેશનથી અમને ઝાલાવાડ ભવન ખાતે ઉતારો આપ્યો હતો. સવારે ૬-૩૦ વાગે ત્યાંથી બસ દ્વારા સંમેલનના સ્થળે લઈ જવામાં આવ્યા, ત્યાં સુંદર અને અદ્‌ભુત નવકારશી દ્વારા અમારું સ્વાગત કરવામાં આવ્યું. ત્યાંની વ્યવસ્થા અને સંચાલન જોઈને અમો સૌ આશ્ચર્યચકિત બની ગયા. ત્યારબાદ આંબાવાડી જૈન દેરાસરના દર્શન કરી પૂ. ગુરુદેવ ગચ્છાધિપતિના આશિર્વાદ લઈ પ. પૂ. ગુરુદેવને લઈને વાજતે-ગાજતે સંમેલનના સ્થળે પહોચ્યા. ત્યાર બાદ દરેક ગામે-ગામથી પધારેલ વિહાર પધારેલ વિહાર સેવકોનું દૂધ-પાણીથી પગ ધોઈને કપાળે તિલક કરી સંઘપૂજન કરવામાં આવ્યું. સંમેલનની શરૂઆત થતાની સાથે પૂ. ગુરુદેવના પ્રવચનને સાંભળ્યા અને ગામે - ગામથી પધારેલ વિહાર સેવકોના રિપોર્ટ સાંભળીને અમે સૌ ચાર્જ થઈ ગયા. આ તૃતીય ઐતિહાસિક સંમેલનને સાંભળ્યા બાદ અમે સૌએ આજીવન આ વિહાર સેવા કરવાનો સંકલ્પ કર્યો. ત્યારબાદ ત્યાંથી પરત ફરતી વખતે પણ સ્ટેશન મૂકી જવા માટેનો ફોન સંચાલન કમિટિમાંથી આવ્યો હતો. આવું અનુમોદનીય કાર્ય કરનાર અમદાવાદના વિહાર સેવકોનો અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

ગૌહરબાગ વિહાર સેવા ગૃપ,
બીલીમોરા.

●

આપશ્રીના મંગળ આશીર્વાદથી વિહાર સેવા ગૃપ વલસાડ ફાગણ વદ દશમના રોજ ત્રણ વર્ષ પૂર્ણ કરીને ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યું છે. આ વર્ષ દરમ્યાન આપશ્રીની દોરવણી હેઠળ અમોએ લગભગ ૧૦૬૬ જેટલા વિહારોમાં સાધુ, સાધ્વી ભગવંતોની સેવાનો લાભ મળેલ છે,



આપશ્રીના વખતોવખત અમોને પ્રોત્સાહિત કરતા પત્રો - રૂબરૂ હિતશિક્ષા પ્રાપ્ત થઇ... તે બદલ અમો ખૂબ જ ગર્વ અને આનંદ અનુભવીએ છીએ, સ્થાપના વખતે ૯૦/૯૫ સભ્યો હતા, જે આપશ્રીના આશીર્વાદથી આજે ૧૫૫/૧૬૦ જેટલા સક્રિય સભ્યો થયેલ છે.

આપશ્રીના હૃદયમાં અમારું જે સ્થાન છે તે સદાય જળવાય રહે તે માટે અમો સદા પ્રયત્નશીલ રહીશું. આપશ્રીએ છેલ્લા સંમેલનમાં દરેક ગ્રુપને એક ચેલેન્જ ઉપાડવા આહ્વાન કર્યું હતું. જે સંદર્ભે અમો અમારું વિહાર વિસ્તારનું વિસ્તરણ કરી મુંબઈ તરફ ઉદવાડા સુધી અને સુરત તરફ વાગલધરા સુધી કર્યું છે. દરેક સભ્યો વિહાર ઉત્સાહથી કરે છે, અને સાધુ-સાધ્વીના બીજા અનેક પ્રકારની વૈયાવચ્ચનો લાભ પણ પ્રાપ્ત કરતા રહે છે. જે બદલ અમો આપના ખૂબજ ઋણી છીએ.

વિહાર સેવા ગ્રુપ,
વલસાડ.

•

પરમપૂજ્ય, જોશીલા પ્રચવનકાર, **M.P.6 + V.S.G.** ના સ્થાપક પ્રતિભાશાલી પૂ. આચાર્ય શ્રી મહાબોધિ સૂરીશ્વરજી મ. સા. ના ચરણે સેવક કુલભાનુવિજયની વંદનાવલી.

**V.S.G.** ના મીઠા અનુભવો અમોને વિહારમાં જોવા જાણવા મળ્યા. શું યુવાનોનો ઉત્સાહ છે ? તકેદારી છે ? થનગનાટ છે ? અમે કદાચ સમાચાર આપવામાં વિલંબ કરીએ પણ **V.S.G.** વાળાના સામેથી સમાચાર આવી જાય છે... ક્યાં પધારો છો ? કેટલા ઠાણા છો ? કેટલા વાગે કઈ તરફ વિહાર છે ? વગેરે... રસ્તામાં આપણને **Safe side**માં રાખીને તેઓ ચાલે છે અને લાલબત્તી દ્વારા સતત વાહનોને આપણાથી દૂર રાખે છે. સાચું કહું ? તેઓ આપણા **Body Guard** બનીને ચાલે છે.

બસ, આપના આ કાર્યની ખૂબજ ખૂબ અનુમોદના થાય છે. ખૂબ ખૂબ આશીર્વાદ છે એ યુવાનોને. અમે આપને ખૂબ ખૂબ શુભેચ્છા છે કે આપ આ કાર્યને હજી વેગવંતુ બનાવી ચારે કોર સાધુ સાધ્વીજી ભગવંતો માટે સુરક્ષા કવચ ગોઠવી દો. સાધુ-સાધ્વીજી ભગવંતોનું લોહી રેડાતું બંધ થઈ જશે... નિર્ભિકપણે મહાત્માઓ વિચરી શકશો.

આપના **V.S.G.** કાર્યની પુનઃ પુનઃ અનુમોદના.

-મુનિ કુલભાનુવિજયજી

